સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગોના
વિદ્યાર્થીઓને વિદેશ ઉચ્ચ અભ્યાસ માટે લોન
યોજનાના અમલીકરણમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૨-૨૦૧૩/૧૦૮૨૭૫/અ
સચિવાલય,ગાંધીનગર.
તા. 30 /3/૨૦૧૩

વંચાણે લીધાઃ-

(૧) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૨૦૦૦/ન.બા. ૧/અ, તા.3/૧૨/૨૦૦૧

(૨) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૫૨૦૦૫/ન.બા. ૬/અ, તા.૨૩/03/૨૦૦૭

(3) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૩૦૬/મં.૨૯/ગ, તા.૨૦/૧૦/૨૦૦૮

(૪) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૦૭/૧૬૩૬/અ, તા.3/૧૧/૨૦૦૯

(૫) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૫૨૦૧૨/૨૦૬૨૯૬/અ, તા.૨૮/૮/૨૦૧૨

(૬) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા.૭/૨/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃ શિક્ષણ/વિજા/ 33૪

<u>ઠરાવઃ-</u>

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના લોકોની આર્થિક પરીસ્થિતિના કારણે તેજસ્વી કારકીર્દી ધરાવતા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જઇ શકતા નથી. આથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા ઇચ્છુક વિદ્યાર્થીઓને તે માટે લોન આપવાની રાજ્ય સરકારની યોજના વંચાણમાં લીધેલ ક્રમાંકઃ૧માં દર્શાવેલ વિભાગના તા.3/૧૨/૨૦૦૧ના ઠરાવથી અમલમાં છે. વંચાણમાં લીધેલ ક્રમાંકઃ૨ માં દર્શાવેલ વિભાગના તા.૨૩/3/૨૦૦૭ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા ઇચ્છુક વિદ્યાર્થીઓને આપવામાં આવતી રૂ.૫.૦૦ લાખની લોનમાં વધારો કરી રૂ.૧૦.૦૦ લાખ કરવામાં આવેલ છે. વંચાણમાં લીધેલ ક્રમાંકઃ3 અને ૪ માં દર્શાવેલ વિભાગના તા.૨૦/૧૦/૨૦૦૮ અને તા.3/૧૧/૨૦૦૯ના ઠરાવથી અનુસૂચિત જાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના એક કુટુંબના એક સંતાનને મળવાપાત્ર લાભમાં પુત્રવધુનો સમાવેશ કરવામાં આવેલ છે તેમજ ધોરણ -૧૨ પછી ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનારને લોન આપવાનું ઠરાવવામાં આવેલ છે. તે પૈકી ધોરણ-૧૨ પછીના વિદેશમાં ચાલતા ટેકનીકલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો માટે જે તે વર્ષમાં કુલ મંજુર કરવાપાત્ર લોન અરજીની સંખ્યાના ૧૦ ટકા તેમજ ડીપ્લોમા અથવા તેની સમકક્ષ તાંત્રિક અભ્યાસક્રમો માટે કુલ મંજુર કરવાપાત્ર લોન અરજીની સંખ્યાના ૧૫ ટકા આપવાનું ઠરાવેલ છે. વંચાણમાં લીધેલ ક્રમાંકઃ૫ માં દર્શાવેલ વિભાગના તા.૨૮/૮/૨૦૧૨ ના ઠરાવથી ધોરણ-૧૦ પાસ કર્યા પછી આઇ.ટી.આઇ.ને બે વર્ષનો કોર્ષ અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટે એન.સી.વી.ટી અથવા જી.સી.વી.ટી. પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને ધોરણ.૧૨ પાસ સમકક્ષ ગણવા અંગે ઠરાવવામાં આવેલ છે. આ યોજનામાં કેટલાક સુધારા કરવા માટે ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંકઃ૬ થી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા ધ્વારા સુધારા સુચવવામાં આવેલ હતા. આ સુચવવામાં આવેલ સુધારાઓ પૈકી પુખ્ત વિચારણા બાદ નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(૨) વંચાણમાં લીધેલ ક્રમાંકઃ3 અને ૪ માં દર્શાવેલ વિભાગના તા.૨૦/૧૦/૨૦૦૮ અને તા.3/૧૧/૨૦૦૯ ના ઠરાવોમાં સુધારો કરી ધોરણ-૧૨ પછીના ટકાવારીના ધોરણને બદલે પ્રથમ

તબક્કે અનુસ્નાતક ( post graduate) કક્ષા પી.એચ.ડી. તેમજ ઉચ્ચ કક્ષાના સંશોધન અને કોમ્પ્યુટરક્ષેત્રના અભ્યાસક્રમો માટે અગ્રતા આપીને ત્યારબાદ ફંડ ઉપલબ્ધિને આધિન ધોરણ-૧૨ પછીના વિદેશમાં ચાલતા ટેકનીકલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો માટે તથા ડીપ્લોમા અથવા તેની સમકક્ષ તાંત્રિક અભ્યાસક્રમો માટે તેમજ સ્નાતક (graduate) કક્ષાના અભ્યાસક્રમો માટે આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૩) આ સુધારો અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ ના વિદ્યાર્થીઓને લાગુ પડશે.

(૪) વિદેશ અભ્યાસ માટે લોન યોજના અંગેના ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૦/૩/૨૦૧૩ની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.વી.દેસાઇ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગતસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગતસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
માન.વિરોધપક્ષના નેતાના અંગતસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ,ગાંધીનગર
નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર
કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ,ગાંધીનગર
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિકસતી જાતિ/અનુ.જાતિ)
સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રીઓ(વિકસતી જાતિ/અનુ.જાતિ)
મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,ગાંધીનગર
મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ,ગાંધીનગર
મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ,ગાંધીનગર
મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ,ગાંધીનગર
મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
વિભાગની અ-૧,જ,ગ,બજેટ,સંકલન તથા ક-શાખા
સિલેક્ટ ફાઇલ.